કરમસદ - આણંદ મહાનગરપાલિકાનું 'બૂલડોઝર' એક્શન : રાજકીય ઓઠાં હેઠળ લાંબા સમયથી ચાલતી 'દુકાન' પર કાયદાનો કડક અમલ

આણંદ: જેકે લોટસ પાર્ટી પ્લોટના બાંધકામ પર હથોડો ઝીંકાયો

હાઈકોર્ટ આપેલી પહેલી માર્ચની સમયમર્યાદા વીતી જવા છતાં બીયુ અને ફાયર પરમિશન ન મેળવતા કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.13

આણંદમાં છેલ્લા કેટલાક વરસોથી રાજકીય ઓઠા હેઠળ ગેરકાયદે બાંધકામ કરી પોતાની 'દુકાનો' ચલાવવાની પ્રવૃત્તિ ફુલીફાલી છે. આવી જ એક લાંબા સમયથી ચાલતી પ્રવૃત્તિ પર કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. આણંદ શહેરમાં આવેલા જાણીતા જેકે લોટસ પાર્ટી પ્લોટમાં જરૂરી પરવાનગી વગર કરવામાં આવેલું બાંધકામ શુક્રવારના રોજ આણંદ-કરમસદ મહાનગરપાલિકા દ્વારા તોડી પાડવામાં આવ્યું છે.

આણંદ શહેરના સર્વાસર્વા બની ગમે ત્યાં નિયમ વિરૂદ્ધ બાંધકામ કરી પોતાના ધંધા - વ્યવસાય ખડકી દેતાં રાજકીય નેતાઓમાં મનપાએ દાખલારૂપ કામગીરી કરી છે. આણંદ શહેરના જેકે લોટસ પાર્ટી પ્લોટને વારંવારની નોટિસો અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલી મુદત વીતી જવા છતાં જરૂરી બિલ્ડીંગ યુઝ અને ફાયર પરમિશન રજૂ કરવામાં નિષ્ફળ રહેલા સંચાલકો સામે મનપાના એસ્ટેટ વિભાગે આખરે લાલ આંખ કરી ગેરકાયદે સ્ટ્રક્ચર દૂર કર્યું છે.

આણંદ શહેરના જેકે લોટસ પાર્ટી પ્લોટ પાસે અગાઉ બિલ્ડીંગ યુઝ અને ફાયર સેફ્ટીની અનિવાર્ય મંજૂરીઓ ન હોવાથી મહાનગરપાલિકા દ્વારા તેને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી વિરુદ્ધ પાર્ટી પ્લોટના માલિકોએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતાં. હાઈકોર્ટે આ બાબતે સુનાવણી કરી સંચાલકોને પહેલી માર્ચ, 2026 સુધીમાં તમામ જરૂરી પરવાનગીઓ મેળવી લેવા આદેશ કર્યો હતો અને ત્યાં સુધી રાહત આપી હતી.

જોકે, હાઈકોર્ટ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી મુદત પૂર્ણ થઈ હોવા છતાં સંચાલકો કોઈ પણ પ્રકારની પરવાનગી મેળવી શક્યા નહોતા. આથી હાઈકોર્ટનો સ્ટે હટતા જ મહાનગરપાલિકાએ કાયદાની જોગવાઈ મુજબ કલમ-260 હેઠળ નોટિસ ફટકારી હતી અને બિનપરવાનગીથી કરેલું બાંધકામ દૂર કરવા સૂચના આપી હતી. આ આખરી નોટિસનો પણ સંચાલકો દ્વારા કોઈ પ્રત્યુત્તર આપવામાં આવ્યો નહોતો કે કોઈ પુરાવા રજૂ કરાયા નહોતા. પરિણામે, શુક્રવારે મનપાની એસ્ટેટ વિભાગની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે સ્થળ પર પહોંચીને અનઅધિકૃત બાંધકામ તોડી પાડવાની ઓપરેશન પાર પાડ્યું હતું. નગરપાલિકાએ વરસો સુધી પગલાં ન ભરતાં ચર્ચાનો વિષય બન્યો છે.

તળાવ પર બાંધી તાણેલું સંકુલ તોડાશે ?

કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા કોઇ પણ રાજકીય દબાણ કે શેહશરમ વગર જેકે લોટસ પાર્ટી પ્લોટનું બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. જોકે, આ બાંધકામથી થોડેદુર જ તળાવ પર મોટું શૈક્ષણિક સંકુલ બનાવી દેવામાં આવ્યું છે. આ તળાવનું પુરાણ કરી મેદાન બનાવી દેવામાં આવ્યું છે. એક તરફ ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે. તેવા સમયે આવા દબાણો તોડી પાડવા ફરી એક વખત માંગણી ઉઠી છે.

મનપાની નોટિસને પણ ઘોળી પી ગયાં હતાં

કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા અગાઉ સીલ ખોલીને સંચાલકોને કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરવાની તક આપવામાં આવી હતી. પરંતુ આખરી નોટિસ બાદ પણ કોઈ પ્રતિસાદ ન મળતા મનપાએ મક્કમતા બતાવી આ કાર્યવાહી કરી છે, જે શહેરમાં અન્ય ગેરકાયદે બાંધકામ કરનારાઓ માટે પણ ચેતવણી સમાન છે.

આણંદમાં મંજૂરી વિના ચાલતા પ્રતિભા એકેડેમી ક્લાસીસ સીલ

રહેણાંક ફ્લેટમાં ચાલતી વાણિજ્ય પ્રવૃત્તિ સામે એસ્ટેટ અને ટાઉન પ્લાનિંગ વિભાગ ત્રાટક્યું

(પ્રતિનિધિ) આણંદ તા.13

કરમસદ - આણંદ મહાનગરપાલિકાના કમિશનરના સીધા માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં એસ્ટેટ અને ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે આણંદ વિદ્યાનગર રોડ પર આવેલ આવિષ્કાર કોમ્પ્લેક્સમાં તંત્ર દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં રહેણાંક વિસ્તારમાં નિયમોનું ઉલ્લંઘન કરી ચાલતા શૈક્ષણિક ક્લાસીસને સીલ કરી દેવામાં આવ્યા છે.

આણંદ શહેરના વિદ્યાનગર રોડ પર હોટલ એચની સામે આવેલા આવિષ્કાર કોમ્પ્લેક્સના રેસિડેન્શિયલ વિસ્તારમાં 'પ્રતિભા એકેડેમી ક્લાસીસ' કાર્યરત હતાં. મહાનગરપાલિકાના એસ્ટેટ અને ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકારીઓની તપાસ દરમિયાન માલુમ પડ્યું હતું કે આ ક્લાસીસ કોઈપણ પ્રકારની પૂર્વ મંજૂરી વગર ચલાવવામાં આવી રહ્યા હતા. વધુમાં, રહેણાંક હેતુ માટેના ફ્લેટમાં બિન પરવાનગીથી વાણિજ્ય (કોમર્શિયલ) પ્રવૃત્તિઓ ચાલતી હોવાનું જણાતા તંત્રએ તાત્કાલિક અસરથી આ ક્લાસીસને સીલ કરવાની કાર્યવાહી કરી હતી.

આ મામલે મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા વિસ્તારમાં રહેણાંક હેતુ માટે ફાળવવામાં આવેલી જગ્યાઓ કે ફ્લેટમાં આવી વ્યાપારી પ્રવૃત્તિઓ કરવી તે નિયમ વિરુદ્ધ છે, તંત્ર દ્વારા સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે કે, રહીશોએ રહેણાંક વિસ્તારોમાં આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ હાથ ધરવી નહીં, અન્યથા આગામી સમયમાં પણ આવી કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

આણંદમાં 'ક્રિએટીવ ટ્યુશન ક્લાસીસ'માં ક્યાં પગલાં ભરાશે ?

આણંદની સૂર્યનગર સોસાયટીમાં ચાલતા ટ્યુશન ક્લાસીસને કારણે ઉભી થતી પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યા મુદ્દે મનપામાં વારંવાર રજૂઆત કરવામાં આવી છે. આ અંગે મનપાએ ક્લાસીસના સંચાલકો પાસે બાંધકામ મંજૂરી, ફાયર NOC, અને BU પરમિશન સહિતના જરૂરી સાધનિક પુરાવાઓની સાત દિવસમાં માંગણી કરી છે. જો કે, નિયત સમયમર્યાદા પૂર્ણ થવાં છતાં 'ક્રિએટીવ ટ્યુશન ક્લાસીસ' સામે કોઇ પગલાં ભરવામાં ન આવતાં રહિશોમાં પણ રોષની લાગણી જન્મી છે.

નાવલી ગામમાં ગેસ બોટલ લીકેજ થતાં આગ

(પ્રતિનિધિ) આણંદ, તા.13

આણંદના નાવલી ગામમાં ગઈકાલ સવારે એક મકાનમાં ગેસ બોટલ લીકેજથી આગ લાગી હતી. ફાયર બ્રિગેડની ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી અને આગને કાબુમાં કરી હતી.

આણંદના નાવલી ગામમાં રહેતા બળવંતભાઈ રોહિતના મકાનમાં લાગેલ આગને ફાયર બ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવી કાબુમાં કરી હતી. આ આગ બુઝાવવામાં ફાયર ઓફિસર ધર્મેશ ગોર, ફાયર ડ્રાઈવર હિતેન ઠાકોર, ફાયર મેન મહિન્દ્રસિંહ રાઠોડ, મીતુલ પરમાર, અરબાજ મલેક, અને પ્રદીપ ડામોરની ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ આગની ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની થઈ નથી. ગેસ એજન્સી દ્વારા આપવામાં આવતા ખરાબ સિલિન્ડરના કારણે આવા બનાવ વારંવાર બનવાની ફરિયાદો ઉઠી રહી છે.

માતર તાલુકાના ત્રાજ ગામમાં અશાંતધારો લાગુ કરવા માંગ

ભલાડા પાસે આવેલા ગામનું મંદિર સળગી ઉઠતા મુદ્દો ગરમાયો, ગ્રામજનોની કલેક્ટરને રજૂઆત

(પ્રતિનિધિ) નડિયાદ, તા.13

માતર તાલુકામાં આવેલા ત્રાજ ગામે લઘુમતી સમુદાય માટે આયોજિત એક મોટા રહેણાંક પ્રોજેક્ટને પગલે વિવાદ વકર્યો છે. ત્રાજ ગામના ગ્રામજનોએ ભેગા મળીને આ વિસ્તારમાં અશાંતધારો લાગુ કરવાની માંગ સાથે કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે.

આ રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, અમજદખાન જુનેદખાન પઠાણ દ્વારા ચોક્કસ સમુદાય માટે 'અમ્બર કોર્ટયાર્ડ કમિંગ સૂન' અને 'એક સપના અપની જમીન અપના આશિયાના' જેવી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. ગ્રામજનોના મતે આ પ્રકારના મોટા પાયે થતા બાંધકામો અને બહારથી આવતા લોકોના વસવાટને કારણે સ્થાનિક સ્તરે સામાજિક સંતુલન બગડવાની ભીતિ છે. ખાસ કરીને અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાંથી આવતા લોકોના વસવાટ સામે સ્થાનિકોએ સખત વાંધો ઉઠાવ્યો છે.

ત્રાજ ગામનો ઈતિહાસ ટાંકતા આવેદનપત્રમાં જણાવાયું છે કે, છેલ્લા 25 વર્ષથી ગામમાં રથયાત્રા અને જન્માષ્ટમી જેવા તહેવારો સમયે પોલીસ બંદોબસ્ત રાખવો પડે છે, જે સરકારી દફતરે નોંધાયેલ છે. હાલમાં ગામમાં બંને કોમ વચ્ચે એકતા જળવાઈ રહી છે, પરંતુ જો અન્ય વિસ્તારોમાંથી નવી વ્યક્તિઓનો વસવાટ થશે તો ગામની સુલેહ-શાંતિ ભંગ થવાની પૂરેપૂરી શક્યતા છે. આથી, મામલતદાર પાસેથી યોગ્ય રિપોર્ટ મેળવીને કોઈપણ નવી પરવાનગીઓ કે હેતુફેરની કામગીરી અટકાવવા વિનંતી કરવામાં આવી છે.

વધુમાં ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે, અમદાવાદના ચંડોળા તળાવ જેવા વિસ્તારોમાં જ્યાં ડિમોલિશનની કામગીરી થઈ છે, ત્યાંથી બાંગ્લાદેશી મુસ્લિમો જેવા શંકાસ્પદ વસાહતીઓ આ વિસ્તારમાં આવી શકે તેમ છે. આ બાબતને ગંભીર ગણાવીને ગ્રામજનોએ પોતાના બંધારણીય હકો અને કાયદાકીય રક્ષણની માંગ કરી છે. રજૂઆતમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સ્થાનિક રહેતા અને માન્ય ઓળખકાર્ડ ધરાવતા લઘુમતી ભાઈઓ સામે તેમને કોઈ વિરોધ નથી, પરંતુ બહારથી આવતા અજાણ્યા તત્વો ગામ માટે જોખમી બની શકે છે. આ વિવાદ માત્ર ત્રાજ પૂરતો સીમિત નથી, પરંતુ માતર તાલુકાના ગરમાળા ગામે પણ સમાન પ્રકારની સ્થિતિ હોવાનું સામે આવ્યું છે. ગરમાળામાં પણ આશિયાના રેસિડેન્સી નામના પ્રોજેક્ટ દ્વારા હિન્દુ બહુમતી વિસ્તારમાં ચોક્કસ સમુદાયના વસવાટના પ્રયાસો થઈ રહ્યા હોવાનો આક્ષેપ છે. ગ્રામજનોએ લવ જેહાદ જેવી ઘટનાઓ બનવાની ભીતિ વ્યક્ત કરતા જણાવ્યું છે કે આવી પ્રવૃત્તિઓ રોકવા માટે તંત્રએ તાત્કાલિક પગલાં લેવા જોઈએ.

તાજેતરમાં ગરમાળામાં બનેલી એક હિંસક ઘટનાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે, જેમાં અમદાવાદના કેટલાક લોકોએ સ્થાનિક હિન્દુ યુવક પર હુમલો કર્યો હતો અને તે અંગે માતર પોલીસ સ્ટેશનમાં કલમ 307 મુજબ ફરિયાદ પણ નોંધાઈ છે. આ ઘટના બાદ આસપાસના ગામો જેવા કે ત્રાજ, કોશીયલ, પીપરીયા, માછીયેલ અને ખડીયારાપુરામાં ભયનો માહોલ છે. ગ્રામજનોના મતે આ એક સુનિયોજિત ષડયંત્ર છે. જેના દ્વારા લાલચ આપીને જમીનો પડાવી લેવામાં આવી રહી છે.

સમગ્ર મામલે ગ્રામજનોએ કલેક્ટર ઉપરાંત વડાપ્રધાન, મુખ્યમંત્રી, પોલીસ અધિક્ષક, હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને વિશ્વ હિન્દુ પરિષદ જેવી સંસ્થાઓને પણ નકલ રવાના કરી છે. માતર તાલુકામાં આવી કોઈ પણ પ્લોટિંગ સ્કીમ કે રહેણાંક યોજનાઓને મંજૂરી ન આપવા અને સમગ્ર વિસ્તારને અશાંતધારા હેઠળ આવરી લેવા માટે માંગણી કરી છે.

મંદિરને આગ લાગવાની ઘટના બની છે

વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા મહામંત્રી હરેશ પટેલે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે ભલાડા પાસે આવેલ ગામની સીમમાં વડ નીચે પૌરાણિક મંદિર આવેલું છે અને તેની નજીક જ મજાર આવેલી છે. વર્ષોથી આ જગ્યાએ બંને પક્ષો વચ્ચે સંપ જોવા મળતો હતો પરંતુ છેલ્લા ઘણા દિવસોથી આ સ્થળે અસામાજિક તત્વો બેસી રહેતા હોય છે. ગતરાત્રે આ મંદિરને આગ લાગવાની ઘટના બની છે. જેનાથી ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોને શંકા છે કે ત્યાં બેસી રહેતા તત્વો દ્વારા જ આ કૃત્ય કરવામાં આવ્યું છે કારણ કે બાજુમાં આવેલ મજારને કોઈ નુકસાન થયું નથી. આ બાબતે પણ કલેક્ટરને રજૂઆત કરીને યોગ્ય તપાસની માંગ કરવામાં આવી છે.

પોલીસની ઢીલી નીતિ સામે સ્થાનિક રહીશોમાં ભારે રોષ

નડિયાદમાં ધોળા દિવસે સમળી ગેંગે સોનાની ચેઈન તફડાવી

નિવૃત સબ રજિસ્ટ્રારની પત્નીના ગળામાંથી સોનાની ચેઈન ઝૂંટવી લૂંટારુઓ ફરાર

(પ્રતિનિધિ) નડિયાદ તા.13

નડિયાદના પશ્ચિમ વિસ્તારમાં લૂંટારુઓએ ખાખીનો ખોફ ઓગળ્યો હોય તેમ ધોળા દિવસે લૂંટની સનસનીખેજ ઘટનાને અંજામ આપ્યો છે. વિશ્વકર્મા વાડી ચાર રસ્તા પાસે ચાલુ ગાડીએ વૃદ્ધાના ગળામાંથી સોનાની ચેઈન ઝૂંટવી બે અજાણ્યા બાઇક સવારો ફરાર થઈ જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

નડિયાદના રણછોડ પાર્કમાં રહેતા અને સબ રજિસ્ટ્રાર કચેરીમાંથી નિવૃત થયેલા 74 વર્ષીય લાલસિંહ મોતીસિંહ ગોહેલ ગત સાંજે આશરે 17:44 વાગ્યાની આસપાસ તેમની પત્ની સજ્જનબેન સાથે અલ્ટો ગાડીમાં ફરવા નીકળ્યા હતા. વિશ્વકર્મા ચાર રસ્તા પાસે ફોન આવતા લાલસિંહે ગાડી સાઈડમાં ઊભી રાખી હતી. ગરમીના કારણે ગાડીના કાચ ખુલ્લા હોવાનો લાભ લઈ મોટરસાઇકલ પર આવેલા બે લૂંટારુઓએ બારીમાંથી હાથ નાખી સજ્જનબેનના ગળામાં પહેરેલી આશરે 22 થી 25 ગ્રામની સોનાની ચેઈન (કિંમત અંદાજે 11,000) આંચકી લીધી હતી.

અચાનક થયેલા હુમલા બાદ લાલસિંહે પોતાની ગાડી લૂંટારુઓના બાઈક પાછળ દોડાવી હતી, પરંતુ પીજ રોડ તરફના ટ્રાફિકનો લાભ લઈ લૂંટારુઓ ગણતરીની મિનિટોમાં નજરથી દૂર થઈ ગયા હતા. આ મામલે લાલસિંહ ગોહેલે નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભય અને પોલીસની ઢીલી નીતિ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સીસીટીવી ફૂટેજ તપાસવાની વાતો વચ્ચે નગરજનોમાં ચર્ચા છે કે ગુનો બનતા પહેલા પોલીસ કેમ સાબદી હોતી નથી? પશ્ચિમ પોલીસની નબળી બાતમીદારી અને શિથિલતાને કારણે ગુનેગારોને મોકળું મેદાન મળી રહ્યું હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે.

આણંદ પાસે બે મિનિટ્રક અથડાતાં ચાલકનું મોત

એક્સપ્રેસ વે પર અકસ્માતમાં ટ્રકની કેબિનનો કચ્ચરઘાણ નીકળી ગયો

(પ્રતિનિધિ) આણંદ તા.13

આણંદ પાસેના એક્સપ્રેસ હાઈવે પર વહેરાખડી બ્રિજ નંબર 25 નજીક બે આઈસર ટ્રક વચ્ચે સર્જાયેલા જીવલેણ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. આ અંગે ખંભોળજ પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાટણના રહેવાસી ડ્રાઈવર યુસુફ બડાસાહેબ સૈયદ વિજાપુર લાડોલથી બટાકા ભરીને પોતાની આઈસર ટ્રક સુરત ખાલી કરવા જઈ રહ્યા હતા. મુસાફરી દરમિયાન એક્સપ્રેસ હાઈવે પર વહેરાખડી બ્રિજ પાસેથી પસાર થતી વખતે પાછળથી પૂરઝડપે આવી રહેલી અન્ય એક આઈસર ટ્રકે તેમની ટ્રકને જોરદાર ટક્કર મારી હતી. આ ધડાકાભેર થયેલા અકસ્માતમાં યુસુફભાઈનો આબાદ બચાવ થયો હતો.

આ અકસ્માત બાદ યુસુફભાઈએ નીચે ઉતરીને તપાસ કરતા પાછળથી અથડાયેલી આઈસર ટ્રકનો આગળનો ભાગ સંપૂર્ણપણે છૂંદાઈ ગયો હતો. ટ્રકની ડ્રાઈવર કેબિનમાં તપાસ કરતા ચાલક સ્ટીયરિંગ અને સીટ વચ્ચે દબાઈ ગયેલી હાલતમાં મૃત અવસ્થામાં મળી આવ્યો હતો. આ બનાવ સંદર્ભે યુસુફભાઈ સૈયદે અકસ્માત સર્જનાર આઈસર ટ્રક (નંબર GJ-18-BT-7429) ના ચાલક સામે ખંભોળજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી મૃતક ડ્રાઈવરની ઓળખ વિધિ અને આગળની કાર્યવાહી શરૂ કરી છે.

ચરોતરમાં રવિ પાક માટે 30મી એપ્રિલ સુધી કેનાલનું પાણી મળશે

મોડી વાવણી અને કમોસમી વરસાદની અસરોને ધ્યાને રાખી મુદત લંબાવાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.13

આણંદ - ખેડા જિલ્લાના ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા એક અત્યંત મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેનાથી આણંદ અને ખેડા જિલ્લાના લાખો ખેડૂતોને સીધો ફાયદો થશે. રવિ સીઝનના પાકને પૂર્ણ રીતે પકવવા માટે જળ સંપત્તિ વિભાગ હેઠળની કેનાલોમાં આગામી 30મી એપ્રિલ 2026 સુધી સિંચાઈ માટે પાણી ચાલુ રાખવાની જાહેરાત જળ સંપત્તિ મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે કરી છે.

આ નિર્ણય પાછળના કારણો સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, ગત ચોમાસું વહેલું શરૂ થયું હતું અને મોડે સુધી ચાલ્યું હતું. પાછોતરા કમોસમી વરસાદને કારણે ખેડૂતોનો ખરીફ પાક મોટા પ્રમાણમાં નિષ્ફળ ગયો હતો અને ચોમાસું લંબાવાને કારણે રવિ સીઝનની વાવણી પણ મોડી થઈ શકી હતી. આ સંજોગોમાં પાકની લળણીમાં પણ વિલંબ થવાની શક્યતા હોવાથી ખેડૂતોને વધારાના પાણીની જરૂરિયાત હતી.

સામાન્ય રીતે રવિ સીઝન માટે ફેબ્રુઆરી માસના અંત સુધી જ કેનાલમાં પાણી આપવામાં આવતું હોય છે. જોકે, આ વર્ષની વિશેષ પરિસ્થિતિને ધ્યાને લઈ આણંદ-ખેડા સહિતના જિલ્લાઓના ખેડૂત આગેવાનો દ્વારા માર્ચ અને એપ્રિલ મહિનામાં પણ પાણી ચાલુ રાખવા માંગ કરવામાં આવી હતી. આ બાબતે ગત 11મી માર્ચ 2026ના રોજ મળેલી ઉચ્ચ કક્ષાની બેઠકમાં સર્વગ્રાહી ચર્ચા કરવામાં આવી હતી. જેમાં પીવાના પાણીની વ્યવસ્થા અને અન્ય આરક્ષિત જળ જથ્થાને ધ્યાને રાખીને, ખેડૂતોના હિતમાં 30મી એપ્રિલ સુધી સિંચાઈનું પાણી આપવાનો નિર્ણય લેવાયો છે. આ નિર્ણયથી આણંદ અને ખેડા જિલ્લાના કેનાલ કમાન્ડ વિસ્તારમાં આવતા ગામોના ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે, કારણ કે હવે તેઓ તેમનો રવિ પાક નિશ્ચિતપણે પૂર્ણ કરી શકશે.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225